# ગ્લોબલ CEO કોન્ફરન્સ મુખ્ય આકર્ષણ જમાવશે

## વિશ્વની ૨૫ કંપનીના સીઈઓ જોડાશે

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ દરમ્યાન જુદા જુદા કાર્યક્રમો યોજાશે જે દરમિયાન ગ્લોબલ ટ્રેડ શો, ગ્લોબલ સીઈઓ રાઉન્ડ ટેબલ બેઠક યોજાશે. જેનું નેતૃત્વ પણ વડાપ્રધાન મોદી જ કરનાર છે. સમિટ રાજ્યો અને સરકારોના વડાઓ, કોર્પોરેટ અગ્રણીઓ આમાં ઉપસ્થિત રહેશે. ગ્લોબલ સીઈઓ કોન્ફરન્સને લઈને પણ ઉત્સુકતા પ્રવર્તી રહી છે. જેમાં વિશ્વની કંપનીઓના ૨૫ સીઈઓ ભાગ લઈ રહ્યા છે. આ તમામ અગ્રણી કંપનીઓના વડાઓ હશે.

દેશની ૨૫ કંપનીઓના સીઈઓ આમાં ભાગ લેશે. જોકે કયા દેશમાંથી કોણ આવશે તે સંદર્ભમાં હજુ સુધી કોઈ માહિતી જાહેર કરવામાં આવી નથી પરંતુ ગ્લોબલ સીઈઓ કોન્ફરન્સમાં પણ વૈશ્વિક કંપનીઓના સીઈઓ પોતાના સ્પષ્ટ અભિપ્રાય જુદા જુદા વિષય ઉપર રજુ કરે તેવી શક્યતા છે. વાયબ્રન્ટ સમિટના આયોજન પાછળ કેટલો ખર્ચ થશે તે અંગે હાલ માહિતી જાહેર કરાઈ નથી. રાજ્ય સરકાર દ્વારા હજુ સુધી કુલ સાત વાયબ્રન્ટ સમિટનું આયોજન કરાયું છે. જેમાં કરોડો રૂપિયાના એમઓયુ થયા હોવાની ચર્ચા રહી છે.

# વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૧૦મીથી શરૂ : ૧૨ દેશો પાર્ટનર

ગાંધીનગર, તા.૧૭

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૧૭ ૧૦મીથી પહેલી જાન્યુઆરી દરમિયાન યોજાશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી નવમી જાન્યુઆરીના દિવસે નોબલ લોરેટ એક્ઝીબીશનનું ઉદ્‌ઘાટન કરશે. મહાત્મા મંદિરમાં યોજાનારી વાયબ્રન્ટ સમિટમાં ૧૨ દેશ પાર્ટનર દેશ તરીકે રહેશે. ગુજરાત સરકાર વિદેશી મૂડીરોકાણકારોને આકર્ષિત કરવા માટે વાયબ્રન્ટ સમિટનું આયોજન દર વર્ષે કરે છે. ગાંધીનગરના મહાત્મા મંદિરમાં યોજાનારી વાયબ્રન્ટ સમિટમાં નરેન્દ્ર મોદીની ઉપસ્થિત મુખ્ય આકર્ષણનું કેન્દ્ર રહેશે. આ સમિટ અત્યાર સુધીની સૌથી મોટી સમિટ રહેશે તેવો દાવો સરકાર દ્વારા કરવામાં આવ્યો છે. મેકિંગ ગુજરાત સેમિનારનું આયોજન આમાં કરાશે. આ ઉપરાંત બાયો ટેકનોલોજી, ફુડ પ્રોસેસીંગ, ટેક્સટાઈલ, એરોસ્પેશ, સંરક્ષણ, પ્લાસ્ટીક, એન્જિનિયરીંગ, તબીબી સાધનો સહિતના મામલા પર આ બેઠકમાં ચર્ચા વિચારણા કરાશે. ગ્લોબલ સમિટ ૨૦૧૭નું ત્રણ દિવસ માટે આયોજન કરવામાં આવ્યું છે. ૧૨ પાર્ટનર દેશોમાં ઓસ્ટ્રેલિયા, કેનેડા, જાપાન, યુએઈ, બ્રિટન, અમેરિકા ભાગ લેશે. રાજસ્ય સરકાર દ્વારા સમિટની મુખ્ય થીમ કેનેક્ટીંગ ઈન્ડિયા ટુ વર્લ્ડ રાખવામાં આવ્યું છે. પ્રથમ વખત નોબેલ લોરેટ એક્ઝિબિશનનું સાયન્સ સિટી ખાતે આયોજન કરવામાં આવ્યું છે. મોદી ગાંધીનગરમાં જનભાગીદારીથી નિર્માણ પામનાર રેલવે સ્ટેશનનું ભૂમિપૂજન કરશે. સાથે સાથે ગિફ્ટસિટી ખાતે ફાઈનાન્સીયલ સેન્ટરનું ઉદ્‌ઘાટન કરેશે. વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૧૭ અગાઉ આજે ગુજરાતના મુખ્ય સચિવ જેએનસિંહ અને અધિક મુખ્ય સચિવ પી કે તનેજાએ સમિટની પૂર્વતૈયારી સંબંધિત કામગીરી વિશે જણાવવા પત્રકાર પરિષદમાં મીડિયાના પ્રતિનિધિઓને સંબોધન કર્યું હતું. ગુજરાતનાં આદરણીય મુખ્યમંત્રી સચિવ અશ્વની કુમાર, ઉદ્યોગ કમિશનર મમતા વર્મા, ઈન્ડેક્સબીના મેનેજિંગ ડિરેક્ટર રાજકુમાર બેનિવાલ અને અન્ય સરકારી અધિકારીઓની હાજરીમાં આ પરિષદ યોજાઈ હતી. ગુજરાત મુખ્ય સચિવ ડો.જેએન સિંહે મીડિયાના સભ્યોને સંબોધતા કહ્યું હતું કે, વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની ૮મી એડિશન મોટી, ભવ્ય હશે તથા આ સમિટે દેશમાં સૌથી વધુ લોકપ્રિય સમિટ તરીકે સ્થાન જાળવી રાખ્યુંછે. ૨૦૧૭ની સમિટમાં પ્રથમ વખત પાંચ અઠવાડિયા લાંબુ નોબેલ સીરિઝ એક્ઝિબિશન યોજાશે. ઉપરાંત પેનલ ચર્ચા મારફતે સહભાગીઓને વિજ્ઞાન પર આ વૈશ્વિક બૌદ્ધિકોસાથે ચર્ચા કરવાની વિશિષ્ઠ તક સાંપડશે અને સમગ્ર દુનિયામાં વિજ્ઞાન સંબંધિત જાણકારી મેળવશે. અમે મેક ઈન ઈન્ડિયાના એક્ષ્ટેન્શન સ્વરૂપે મેક ઈન ગુજરાત સેમિનારનું પણ આયોજન કરીશું.

**નરેન્દ્ર મોદી નવમીએ નોબલ લોરેટ એક્ઝીબિશનનું ઉદ્‌ઘાટન કરશે : મહાત્મા મંદિરમાં યોજાનારી ઐતિહાસિક વાયબ્રન્ટ સમિટ ત્રણ દિવસ ચાલશે નોબલ લોરેટ એક્ઝીબિશન સાયન્સ સિટી ખાતે યોજાશે : વૈજ્ઞાનિકો ઉપસ્થિત**

# મહેસાણામાં સંકલન સમિતિની બેઠક યોજાઈ

મહેસાણા, તા. ૧૭

મહેસાણા જિલ્લા કલેક્ટર આલોક કુમારના અધ્યક્ષ સ્થાને સંકલન સમિતિની બેઠક યોજવામાં આવી હતી. જેમાં જિલ્લા કલેક્ટર ૨૫ ડિસેમ્બરના રોજ ચૌધરી સમાજના સ્નેહમિલન કાર્યક્રમમાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સવારે ૮.૩૦ કલાકે ઉપસ્થિત રહેનાર છે. હતા. આ ઉપરાંત જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, તાલુકા વિકાસ અધિકારીની કચેરીઓ સહિતની પણ કેશલેસ વ્યવહાર કરવા સંબંધિત અધિકારીઓને સુચનો કર્યા હતા.



આલોક કુમારે જણાવ્યું હતું કે મહેસાણા જિલ્લો કેશલેસ તરફ અગ્ર દિશામાં આગળ વધી રહ્યો છે. મહેસાણા જિલ્લાની તમામ કચેરીઓ કેશલેસ થાય તે દિશામાં સહિયારો પ્રયાસ કરવા જણાવ્યું હતું.

જિલ્લા કલેક્ટર આલોક કુમારે જણાવ્યું હતું કે રાજ્યમાં સૌ પ્રથમ મહેસાણા મામલતદાર કચેરી કેશલેસ બની છે. મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના દગાવાડીયા ગામે જિલ્લામાં મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં જિલ્લાની તમામ મામલતદાર કચેરીઓ, તાલુકા વિકાસ અધિકારીની કચેરીઓ અને નગરપાલિકાઓ કેશલેસ કરવા બાબતે જિલ્લાના અધિકારીઓને સુચિત કર્યા હતા.

જિલ્લા વિકાસ અધિકારી એસ.કે. લાંગા દ્વારા જિલ્લામાં વિવિધ કચેરીઓ કેશલેસ વ્યવહાર કરે તે બાબતે જરૂરી સુચનો કર્યા હતા.

સંકલન બેઠકમાં આગામી સમયમાં થનાર સેવા સેતુ કાર્યક્રમ, રવિવારી શાકભાજી બજાર, ડીજીટલ લોકર, સહિતની વિવિધ ચર્ચાઓ કરવામાં આવી હતી. સેવા સેતુ કાર્યક્રમમાં જિલ્લા પોલીસ અધિક્ષક ચૈતન્ય મંડલિક, અધિક કલેક્ટર રમેશ મેરજા, આસિટન્ટ કલેક્ટર અરૂણ મહેશ બાબુ, જિલ્લાના તમામ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# આંજણા-ચૌધરી સમાજના કાર્યકરોની દ્વિતીય ચિંતન શિબિર યોજાઈ

પાલનપુર, તા. ૧૭

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાના આંજણા-ચૌધરી સમાજના કાર્યકરોની દ્વિતીય ચિંતન શિબિર આજરોજ રાજ્ય જમીન વિકાસ બેંકના પૂર્વ ચેરમેન અને સાબરકાંઠા જિલ્લા કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંકના ચેરમેન અને સહકારી આગેવાન કનુભાઈ એમ. પટેલના પ્રમુખપદે મળી હતી. જેમાં બંને જિલ્લાના જુદા જુદા તાલુકાઓના ૧૫૦થી વધુ ગામોના આગેવાનો-કાર્યકરોએ ઉપસ્થિત રહી સમાજની એકતા અને સંગઠનને મજબૂત કરવા ઉપર ભાર મુકવામાં આવ્યો હતો.

આ શિબિરના પ્રારંભે કોટડાના રહીશ સમાજ આગેવાન કેશુભાઈ પટેલે આ અગાઉ કારતક માસમાં તેમના ગામમાં મળેલી બન્ને જિલ્લાઓની પ્રથમ શિબિરમાં થયેલ સુચનો આ બેઠકમાં રજુ કરી સહુનું સ્વાગત કર્યું હતું. દીપ પ્રાગટ્ય પછી શરૂ થયેલ શિબિરમાં સમાજના અગ્રણીઓએ પોતાના સૂચનો અને મંતવ્યો રજૂ કર્યા હતા. આ પ્રસંગે કાર્યક્રમ અધ્યક્ષ કનુભાઈ એમ. પટેલ ઉપરાંત બંને જિલ્લાના આગેવાનોએ પ્રાસંગિક ઉદબોધન કર્યા હતા.

જિલ્લા પંચાયતના પૂર્વ કારોબારી ચેરમેન નરેન્દ્રભાઈ એન. પટેલ, ચોરીવાડના જીતુભાઈ પટેલ, પૂર્વ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ડાહ્યાભાઈ પટેલ, અરવલ્લી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ પ્રભુદાસ પટેલ, ભિલોડાના દામુભાઈ પટેલ તેમજ અન્ય આગેવાનોએ ઉદ્‌બોધન કરી સમાજના ઉત્થાન માટે સંગઠન વધુ મજબૂત બનાવવા ઉપર ભાર મુક્યો હતો. આગામી દિવસોમાં વિશાળ મહાસંમેલન યોજવા પણ નિર્ધાર કરવામાં આવ્યો હતો. સમાજ સંગઠન માટે પહેલ કરનાર કોટડાના આગેવાન કેશુભાઈ પટેલ અને એન.ડી. પટેલની જહેમતને સૌએ બિરદાવી હતી. આ કાર્ય માટે તેમને અભિનંદન પાઠવ્યા હતા. અંતમાં આભારવિધિ આંજણાના મોતીભાઈ પટેલે કરી હતી.

# અમિત શાહની ઉપસ્થિતિમાં આજે બે દિવસીય બેઠક થશે

અમદાવાદ, તા.૧૭

ભાજપના પ્રદેશ પ્રવક્તા ભરત પંડ્યાએ આજે જણાવ્યું હતું કે, આવતીકાલ તા. ૧૮, ડિસેમ્બરથી ગુજરાત પ્રદેશ ભાજપની બે દિવસીય ચિંતન બેઠક રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહની પ્રેરક ઉપસ્થિતિમાં અને પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણી, મુખ્યમંત્રી વિજય રૂપાણી, રાષ્ટ્રીય સહસંગઠન મહામંત્રી વી.સતીષજી, પ્રદેશ પ્રભારી ડૉ. દિનેશજી શર્મા, નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલ સહિત પ્રદેશના મુખ્ય અપેક્ષિત અગ્રણીઓ ઉપસ્થિતિમાં યોજાશે.

પંડ્યાએ જણાવ્યું હતું કે, આવતીકાલ તા. ૧૮ ડિસેમ્બરના સવારે ૧૦ કલાકે બેઠકનો પ્રારંભ થશે, જે તા. ૧૯ ડિસેમ્બરના રોજ બપોરે બાદ પૂર્ણ થશે. ચિતન બેઠકની વિગતો આપતા પંડ્યાએ જણાવ્યું હતું કે, આ બે દિવસ દરમ્યાન બેઠકમાં વૈચારીક વિષયો, બુથ સમિતિઓ વધુ મજબુત કરવી, કેન્દ્ર અને રાજય સરકારોની યોજનાઓ કાર્યક્રમો અંગે, સામાજીક અભિયાનો અને ડીજીટલ પેમેન્ટની જનજાગૃતિ સહિત આગામી કાર્યક્રમો અંગેની રૂપરેખા સંદર્ભમાં ચર્ચા વિચારણા કરવામાં આવશે. પં.દીનદયાળ જન્મશતાબ્દિ વર્ષ નિમિત્તે ભાજપ ગરીબ કલ્યાણ વર્ષ ઉજવી રહ્યું છે. ત્યારે ભાજપનાં અનેક કાર્યકર્તાઓ ૧ વર્ષ માટે સમયદાન આપવાનાં છે તે અંગે પણ ચર્ચા કરવામાં આવશે એમ પંડ્યાએ ઉમેર્યું હતું.

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી આડે વધારે સમય રહ્યો નથી ત્યારે ભાજપે પણ આક્રમક તૈયારી શરૂ કરી દીધી છે. બુથ સમિતિઓ વધુ મજબૂત કરવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરી દેવામાં આવ્યું છે. નોટબંધીને લઈને હાલમાં લોકો પરેશાન થયેલા છે ત્યારે વિવિધ પાસા ઉપર આમાં પણ ચર્ચા થઈ રહી છે. ભાજપે ચૂંટણીમાં પોતાની પ્રતિષ્ઠાને જાળવી રાખવા માટે અન્ય પ્રયાસો પણ હાથ ધર્યા છે. અમિત શાહની ઉપસ્થિતિને લઈને ભાજપના કાર્યકરોમાં પણ વિશેષ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. અમિત શાહ તાજેતરમાં ઘણી વાર ગુજરાત આવ્યા છે. વડાપ્રધાન પણ ગુજરાતની મુલાકાતે આવતા રહ્યા છે.

**જીતુ વાઘાણી, રૂપાણીની પણ હાજરી રહેશે**
**સવારે ૧૦ વાગે બેઠકનો પ્રારંભ થશે**
**૧૯મી ડિસેમ્બરે બપોરે બેઠક પૂર્ણ થશે**
**જુદા જુદા વિષય પર ચર્ચા થશે**

# મહેસાણા નજીક ત્રિપલ અકસ્માતમાં બેના મોત

અમદાવાદ, તા.૧૭

મહેસાણા નજીક ત્રિપલ અકસ્માતમાં બે લોકોના મોત થયા છે અને અન્ય ૨૫ લોકો ઘાયલ થયા છે. ત્રિપલ અકસ્માતમાં અમદાવાદથી નવપરણિત યુવતીને તેડીને વીસનગર આવતા લોકોનો પણ સમાવેશ થાય છે. ૨૫થી વધુ લોકો ઘાયલ થયા છે જે પૈકી કેટલાકની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.ગોઝારીયાથી વસઈ તરફ જવાના માર્ગે ગુરુવારે રાત્રે અમદાવાદથી નવ પરિણીત યુવતીને તેડીને વિસનગર તરફ જઈ રહેલી ૪૦૭ ટ્રક, વિસનગરથી અમદાવાદ તરફ જઈ રહેલ સ્કુલ લક્ઝરી બસ અને બાઈક વચ્ચે સર્જાયેલા ત્રિપલ અકસ્માતમાં ૨ વ્યક્તિઓના મોત નિપજ્યા હતા. જ્યારે ૨૫થી વધુ વ્યક્તિઓને ઈજા થઈ હતી. ગોઝારીયાથી વસાઈ તરફ જવાના માર્ગે પર ગુરુવારે રાત્રે ૮ કલાકે ત્રિપલ અકસ્માત સર્જાતા પોલીસથી સાથે ગામલોકો બચાવ કાર્યમાં દોડી ગયા હતા. જેમાં અમદાવાદના મણીનગર વિસ્તારમાં રામબાગની ડાહીબેન ચીમનલાલ શાહ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની સ્કુલ લક્ઝરી બસ વિસનગર તરફથી અમદાવાદ જઈ રહી હતી. જ્યારે બે દિવસ પૂર્વ થયેલા લગ્ન બાદ નવ પરિણીતાને તેડીને ૪૦૭મા અમદાવાદથી દેવીપૂજક પરિવારો વિસનગર તરફ જઈ રહ્યા હતા ત્યારે એવોર ટેક કરીને નીકેળેલા બાઈક ચાલકને બચાવવા જતા ત્રણેય વાહનો એકબીજા સાથે અથડતા ચીસાચીસ મચી જવા પામી હતી. અકસ્માતમાં ૪૦૭ના વચ્ચેથી બે ફાડીયા થઈ જતાં અંગર બેઠેલા વ્યક્તિઓને ગંભીર ઈજા થઈ હતી. બાઈક સવાર સહિત ૨ વ્યક્તિઓનાં મોત નિપજ્યા હતા અને ૨૫થી વધુને ઈજાઓ થઈ હતી. જોકે, શાળાના બાળકોનો સામાન્ય ઈજાઓને બાદ બચાવ થયો હતો.



# પાલનપુરમાં સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ

પાલનપુર મુકામે કલેક્ટર જેનુ દેવનના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન અને ફરીયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ હતી. બેઠકમાં સરકારની વિવિધ કચેરીઓમાં આવેલ અરજીઓના નિકાલ અંગે, પેન્શન અને ખાતાકીય તપાસના બાકી કેસો અંગે, સેવા સેતુ અને પ્રગતિ સેતુ કાર્યક્રમમાં કરવામાં પ્રશ્નોના નિકાલ અંગે, આરોગ્ય તથા પીવાના પાણી વિશે વિસ્તૃત ચર્ચા વિચારણા કરી ઝડપભેર અને સંતોષકારક રીતે કામો પૂર્ણ કરવા કલેક્ટરે જણાવ્યું હતું. સાંસદોએ દત્તક લીધેલ ગામો પાંથાવાડા અને પસવાદળમાં જરૂરી વિકાસકામો સત્વરે પૂર્ણ કરવા કલેક્ટરે અધિકારીઓને સુચના આપી હતી.

# નાંદોત્રા બ્રાહ્મણવાસ ગ્રુપ ગ્રામ પંચાયતમાં સરપંચની ચૂંટણીનો ખરાખરીનો જંગ

પાલનપુર, તા. ૧૭

નાંદોત્રા બ્રાહ્મણવાસ ગ્રુપ ગ્રામ પંચાયત એ મામલતદાર કચેરી, જન સેવા કેન્દ્ર, તાલુકા પંચાયત કચેરી, નામદાર કોર્ટ, જેવી અનેક દાંતીવાડા તાલુકાની કચેરીઓને જોડતું વડુ મથક દાંતીવાડા કોલોની ખાતે અત્યારે ૭ ગામોનો સરપંચી માહોલ અનેરો જોવા મળી રહ્યો છે. આ વખતે સરપંચના ઉમેદવાર તરીકે પટેલ જોઈતીબેન હરનાથભાઈ, સંતોષબેન શશીકાંત જાની, મિતલબેન અશોકકુમાર ભોજાણી, પ્રિયંકાકુંવર ધૂડ સિંહ રાજપૂત હાલમાં આ ઉમેદવારો દ્વારા ગામે ગામ ખાટલા બેઠક, ડોર ટુ ડોર મુલાકાતો, અંગત મુલાકાતો, જેવી અંગત મુલાકાતો તેમજ ફેસબુક, વોટ્સઅપ, ટ્વિટર જેવા સોશિયલ મીડિયાના માધ્યમથી મતદારોને રીઝવવાનો પ્રયાસ ચાલુ કરી દીધેલ છે. વધુમાં ગ્રામ પંચાયતના વોર્ડ નં. ૧, ૨, ૩, ૫, ૭, ૧૨ બિનહરીફ થયેલ છે જ્યારે ૪, ૬, ૮, ૯, ૧૦, ૧૧ વચ્ચે કશ્મકશ ભર્યો જંગ જામેલો નજરે પડે છે. જ્યારે હવે મુકાબલો તા. ૨૭-૧૨-૨૦૧૬નો છે તેમજ વિજેતાનો ચુકાદો ૨૯-૧૨-૨૦૧૬નો છે જોઈએ છે જીત કોની થીય છે ?

## ઈડરના જેસીંગબાપા મંદિરે ત્રિદિવસીય આજથી પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે

ઈડર, તા. ૧૭

ઈડર પાસેના ગાંઠીયોલ ગામે સદ્‌ગુરુ શ્રીમદ્‌ જેસીંગબાપા મંદિર ખાતે ત્રિદિવસીય મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે. ગાંઠીયોલ મુકામે ૧૮ થી ૨૦ ડિસેમ્બર દરમિયાન વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

## નહીં ફેરવાય

● અનુસંધાન પહેલાનું ચાલુ

અને બીજા ઈલેક્ટ્રોનિક માધ્યમોને પ્રોત્સાહન આપવામાં આવશે. ફિક્કીની ૮૯મી વાર્ષિક બેઠકમાં બોલતા જેટલીએ કેન્દ્ર સરકારના નોટબંધીના નિર્ણયને સાહસિક અને ઐતિહાસિક તરીકે ગણાવીને કહ્યું હતું કે અર્થવ્યવસ્થા શાનદાર પ્રદર્શન કરી રહી છે. તેમણે ઉમેર્યું હતું કે જો અમે વધી રહેલી અર્થવ્યવસ્થામાં ભારતને નિહાળીએ તો જોઈ શકાય છે કે દુનિયાના અન્ય દેશોની સરખામણીમાં ભારતમાં વધારે સારા ફેરફાર થઈ રહ્યા છે. થોડાક વર્ષ પહેલા સુધી ભારતને દુનિયાની પાંચ અસ્થિર અર્થવ્યવસ્થામાં ગણવામાં આવતી હતી. આજે ઉભરતી શક્તિઓ પૈકી ભારતને એક તરીકે ગણવામાં આવે છે. જેટલીએ એમ પણ કહ્યું હતું કે રિઝર્વ બેંક દરરોજ નવી નોટ સપ્લાય કરવામાં વ્યસ્ત છે. ટૂંક સમયમાં જ મુશ્કેલીઓ ખતમ થઈ જશે. ડિજીટલ પેમેન્ટની ગતિ ધીમે ધીમે તીવ્ર બની રહી છે. છેલ્લા પાંચ સપ્તાહમાં તમામ બાબતોમાં સુધાર થઈ રહ્યો છે. દેશના લાંબા ગાળાના હિતોને ધ્યાનમાં લઈને કેટલાક નિર્ણય લેવામાં આવ્યા છે જે પહેલા થઈ શક્યા ન હતા. તેમના કહેવા મુજબ દેશ ભવિષ્યમાં શાનદાર લીડ હાંસલ કરવા માટે આગળ વધી રહ્યો છે. તેમણે એમ પણ કહ્યું હતું કે જો વૈશ્વિક સ્થિતિ સાથે સરખામણી કરવામાં આવે તો ભારતની અર્થવ્યવસ્થાના આંકડા દુનિયામાં સૌથી શ્રેષ્ઠ છે. જીએસટીના મુદ્દા પર જેટલીએ વાત કરતા કહ્યું હતું કે આ બિલ પાસ થવાની બાબત અમારી સૌથી મોટી સિદ્ધિ તરીકે છે.

જીએસટી કાઉન્સિલ દ્વારા ૧૦ મોટા નિર્ણય લેવામાં આવી ચુક્યા છે પરંતુ હજુ સુધી કેટલાક નિર્ણય લેવાની જરૂર છે. જેટલીએ એમ પણ કહ્યું હતું કે ૧૬મી સપ્ટેમ્બર ૨૦૧૭ના દિવસે ટેક્સની વર્તમાન વ્યવસ્થાને બંધ કરી દેવામાં આવશે. જીએસટીના મુદ્દે અને નોટબંધીના મામલે જેટલીએ વિસ્તારપૂર્વક રજુઆત કરી હતી.

## ત્રાસવાદી હુમલો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જેથી તેમને ગોળી વાગવાનો ખતરો હતો. તપાસમાં જાણવા મળ્યું છે કે ત્રાસવાદીઓએ આ હુમલો કરવા માટે બાઈકનો ઉપયોગ કર્યો હતો. ત્રાસવાદીઓને શોધી કાઢવા માટે તપાસ કામગીરી ચાલી રહી છે. આતંકવાદીઓએ એ વખતે હુમલો કર્યો હતો. જ્યારે સેનાનો કાફલો જમ્મુથી શ્રીનગરના રસ્તે આગળ વધી રહ્યો હતો.

## ભ્રષ્ટાચાર પ્રશ્ને... ● અનુસંધાન પહેલાનું ચાલુ

માહિતી તેમની પાસે રહેલી છે અને આ માહિતી લોકસભામાં રજુ કરવા માટે તેઓ ઈચ્છુક છે પરંતુ મોદી તેમને માહિતી રજુ કરવાની મંજુરી આપી રહ્યા નથી. કોંગ્રેસના ઉપપ્રમુખે અગાઉ કહ્યું હતું કે મોદીની માહિતી જાહેર કરીને લોકો સમક્ષ વાસ્તવિકતા લાવવા માંગે છે. ગાંધીએ એમ પણ કહ્યું હતું કે વડાપ્રધાન માહિતીને લઈને ખૂબ જ ભયભિત થયેલા છે. કોંગ્રેસે ગયા સપ્તાહમાં જ કહ્યું હતું કે જો લોકસભામાં રાહુલને બોલવાની મંજુરી આપવામાં આવશે તો ભૂકંપ સર્જાશે. મોદી દ્વારા કરવામાં આવેલા કૌભાંડની વિગતો સપાટી ઉપર આવશે.

## તપાસ કરાશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આરબીઆઈ દ્વારા બેંક એકાઉન્ટના સંદર્ભમાં આઈટી વિભાગને સૂચના આપશે અને ડિપાર્ટમેન્ટ શંકાસ્પદ લેવડ દેવડને લઈને ઉંડી તપાસ કરશે. આરબીઆઈએ તમામ બેંકોને આદેશ કર્યો છે કે તે આ પ્રકારના એકાઉન્ટના સંદર્ભમાં માહિતી આપે. આ મામલાની જાણકારી રાખનાર લોકોનું કહેવું છે કે આરબીઆઈની ઈચ્છા છે કે નોટબંધી બાદ કોઈપણ બેન્કીંગ સિસ્ટમનો દુરૂપયોગ કાળા નાણાંને ખપાવવા માટે કરી ન શકે. આરબીઆઈએ તમામ બેંકોને પત્ર લખીને કેટલીક સૂચના આપી છે. સાથે સાથે કેટલાક ખાસ બ્રાન્ચોના એકાઉન્ટની માહિતી માંગી છે. જેમાં ટાયર બે અને ટાયર ત્રણ શહેરોની બેંકોની શાખાઓનો સમાવેશ થાય છે. કારણ કે આઠમી નવેમ્બરના દિવસે નોટબંધીને અમલી કરવામાં આવ્યા બાદથી અહીં કેશ ડિપોઝીટની સંખ્યામાં ખૂબ વધારો થયો છે. એક અધિકારીએ કહ્યું છે કે આરબીઆઈએ જે માહિતી માંગી છે તેમાં જમા કરવાની બાબત ખૂબ મુશ્કેલભરી છે.

## લોરેટ એક્ઝિબિશન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેમણે જણાવ્યુ હતુ કે રાજ્યમાં રોકાણ વેગ આપવા વર્ષ ૨૦૦૩માં શરૂ થયેલ ધ વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ દેશમાં સૌથી મહત્વપૂર્ણ આંતરરાષ્ટ્રીય બિઝનેસ ઈવેન્ટ બની ગઈ છે. વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ગુજરાત સરકારના નીતિ સંયોજન અને રોકાણને અસરકારક પ્રોત્સાહન સુનિશ્ચિત કરીને સર્વ સમાવેશક અને સ્થાયી વિકાસ માટેના વિઝનરી અભિગમનું ઉદાહરણ છે. તેમણે ઉમેર્યું હતુ કે અત્યાર સુધીમાં રાજ્યમાં યોજવામાં આવેલ વાઈબ્રન્ટ સમિટ દરમ્યાન ૫૧ હજારથી વધુ એમઓયુ થયા હતા. જે પૈકી ૬૬ ટકા એમઓયુના અમલીકરણ થયા છે.

## ઐતિહાસિક બનશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વાયબ્રન્ટ સમીટ અનેકવિધ નવી બાબતોથી ભરપુર છે.

આ વાયબ્રન્ટની થીમ ''કનેક્ટિંગ ઈન્ડિયા ટુ ધ વર્લ્ડ'' છે. જે ખરા અર્થમાં પ્રિતિનિધિત્વ કરવા વાઈબ્રન્ટ ગુજરાતનો ભાગ બનવા અન્ય રાજ્ય સરકારોને પણ અમે સૂચવ્યું છે.

ગુજરાત મુખ્ય સચિવ ડૉ. જે.એન. સિંહના મીડિયાના સભ્યોને સંબોધતા કહ્યું હતું કે, ''વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની ૮મી એડિશન મોટી, ભવ્ય હશે તથા આ સમિટે દેશમાં સૌથી વધુ લોકપ્રિય સમિટ તરીકે સ્થાન જાળવી રાખ્યું છે. ૨૦૧૭ની સમિટમાં પ્રથમ વખત પાંચ અઠવાડિયા લાંબુ નોબલ લોરેટ એક્ઝિબિશન યોજાશે. ઉપરાંત પેનલ ચર્ચા મારફતે સહભાગીદારીઓને વિજ્ઞાન પર આ વૈશ્વિક બૌદ્ધિકો સાથે ચર્ચા કરવાની વિશિષ્ટ તક સાંપડશે અને સમગ્ર દુનિયામાં વિજ્ઞાન સંબંધિત જાણકારી મેળવશે. અમે 'મેક ઈન ઈન્ડિયા'ના એક્ષ્ટેન્શન સ્વરૂપે' મેક ઈન ગુજરાત' સેમિનારનું પણ આયોજન કરીશું. અમે પહેલી વખત 'તમારી પોતાની નીતિ બનાવો' પર 'એક્શન સેમિનાર'નું આયોજન કરીશુ. તેની પાછળનો વિચાર વાઈબ્રન્ટ ગુજરાતને ખરાં અર્થમાં વિચાર, જોડાણ અને સહયોગનું પ્લેટફોર્મ બનાવવાનો છે.''

## મોરપીંછના રંગ ● ૪ પાનાનું ચાલુ...

માનસિકતા બદલાઈ રહી છે. એના વિચારો બદલાઈ રહ્યા છે. એનો સ્ત્રી હોવાનો ડર નીકળી ગયો છે. એ ગમે ત્યારે ગમે તેની સાથે ગમે ત્યા જવાની હિંમત કરી શકે છે. આજકાલ ચારિત્ર્યની વ્યાખ્યા પણ બદલાઈ રહી છે. સતીત્વની સમજ લૂપ્ત થઈ ગઈ છે. આજે આભાસી સૌન્દર્યની બોલબાલા છે. દૈહિક ક્રિયા કલાપો વિશેષ આકર્ષણનું કેન્દ્ર બની રહ્યા છે. પરંતું એક સત્ય એ પણ છે આ બધા જ સૌન્દર્ય ક્ષણજીવી છે. એનો પ્રભાવ પુરુષ પર આરંભે થોડો સમય રહે છે. ખાસ કરીને લગ્ન પછી, સૌન્દર્યની અસર ધીમે ધીમે ઓછી થતી જાય છે. અને પછી શરું થાય છે સ્વભાવની અસર. સ્વભાવનું સૌંદર્ય જીવન પર્યંત સાથે રહે છે. કેમ કે સારો સ્વભાવ આખા પરિવારને જોડે છે. એક કરે છે. પરંતુ મોટાભાગની સ્ત્રી આ સરળ વાત સમજી શકતી નથી અને સ્વભાવ કરતા પોતાના સૌન્દર્યને વધુ મહત્વ આપે છે. સૌન્દર્યને અપગ્રેડ કરતી રહે છે. સ્વભાવને નહી. ફેશન પ્રમાણે સૌન્દર્યમાં ફેરફાર થાય છે પણ પરિસ્થિતિ પ્રમાણે સ્વભાવમાં નહીં. પરંતું જીવનનું સાચું સૌન્દર્ય સ્વભાવમાં રહેલું છે. સારો સ્વભાવ પરિવાર સહિત આખા સમાજમાં સ્ત્રીનું માન પાન વધારે છે. ગૌરવ વધારે છે. સ્ત્રીના સારા સ્વભાવથી પરિવારના સભ્યોનું ભાવિ ઉજ્જવળ બને છે. સૌ એકબીજા સાથે પ્રેમ અને લાગણીના તાંતણે બંધાયેલા રહે છે.

- 9426060601.india@gmail.com

## રઝળપાટ ● ૪ પાનાનું ચાલુ...

સાથે જિંદગી અને મોતની જંગ લડી રહ્યા છે અને ઉપરથી હજુયે હુમલાઓ ચાલુ જ છે અને આ હુમલાઓ એટલા મોટા પ્રમાણમાં અને તેજ હતા કે મોટાભાગના લોકો માર્યા ગયેલા પોતાના પ્રિયજનોના શબ પણ હાથવગા કરી શક્ય નહોતા. આધારભૂત અહેવાલો મુજબ સીરીયન સેના વિદ્રોહીઓના કબજે કરેલા ઈલાકાઓમાં નિર્દોષ મહિલાઓ અને બાળકોને વિદ્રોહીઓને સાથ દેવાના આરોપસર ખુલ્લેઆમ ફાંસીએ ચડાવી રહ્યા છે, મહિલાઓ પર બળાત્કારો કરી રહ્યા છે. સીરીયન સેનાના નાગરિકો પર અત્યાચાર સામે આવી રહ્યા છે એવામાં લોકો માટે આગે કુઆ પીછે ખાઈ જેવી સ્થિતિ સર્જાણી છે.

સયુંકત રાષ્ટ્રસંઘ અને બીજી સંસ્થાઓ પોતાની રીતે અસરગ્રસ્તો માટે કશુક કરી રહી છે પણ આ યુદ્ધની ભયાનકતા તમને આ થોડા આંકડાઓ પરથી આવી જશે. ૨૦૧૧મા જ્યારે આ જંગ શરુ થયો ત્યારે ૨૦ લાખની વસ્તી ધરાવતા આ શહેરમાંથી અંદાજે ૫ લાખથી વધુ લોકો બધું જ મુકીને પલાયન થઈ ગયા છે. હજુયે લાખો લોકો અલેપ્પોમાં ઓલમોસ્ટ કેદી જેવી સ્થિતિમાં છે જે ક્યાય જઈ શકતા નથી. ૬ વર્ષથી ચાલતા આ સીરીયન યુધ્ધમાં લગભગ ૪૭ લાખ લોકો બેઘર થઈ ગયા છે, એકલા સિરિયામાં જ અંદાજે દોઢ કરોડ લોકો એ ડરમાં સુવે છે કે સવારે જીવતા ઉઠશે કે નહિ..! અત્યાર સુધીમાં અંદાજે ૪ લાખ લોકો મોતને ભેટી ચુક્યા છે. આ બધા વચ્ચે હજુયે લગભગ એકાદ લાખ લોકો બોમ્બમારી અને સરકાર અને વિદ્રોહી સેનાઓ વચ્ચે કાટમાળો વચ્ચે કે ખુલ્લામાં રસ્તાઓ પર ઉપરથી ક્યારે બોમ્બ પડશે એની બીકમાં બહાર નીકળવાની રાહ જોઈ રહ્યા છે અને આ બધા વચ્ચે વિદ્રોહીઓ નવો મોરચો ખોલી ચુક્યા છે એટલે આ લોહીયાળ જંગનો અંત નજીકના ભવિષ્યમાં આવશે નહિ એ નક્કી છે અને કેટલીયે બાના અને અબ્દુલ જેવા નિર્દોષો આનો ભોગ બનતા રહેશે.

-akurjt@gmail.com